Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

CIVIL SERVICES (MAIN)EXAM- 2023

SKYC-C-GJT

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( Compulsory )

| સમય મર્યાદા : ત્રણ કલાક<br>Time Allowed : **Three** Hours | મહત્તમ ગુણ : **300**<br>Maximum Marks : **300** |
|---|---|

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો:**

બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.

પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) આપવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.

પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)*** *unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*



Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

**Q1.** **નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** *100*

(a) ઉપભોગતાવાદી જીવનશૈલી અને પર્યાવરણ

(b) મોબાઈલફોનની કુટેવ

(c) ઓનલાઈન શિક્ષણની મર્યાદાઓ

(d) આતંકવાદ : એક પડકાર

**Q2.** **નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર તમારી ભાષામાં લખો :** *12×5=60*

જ્યારે એક ખેડૂત ખેતરમાં કામ કરે છે ત્યારે તે અન્ન અને ઉદ્યોગો માટે કાચા માલનું ઉત્પાદન કરે છે. કપાસ જ કાપડનાં કારખાના, વિદ્યુતશાળ (Electric loom) માં કપડાનું રૂપ ધારણ કરે છે. ગાડીઓ દ્વારા સામાનને એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચાડવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે કોઈપણ દેશમાં એક વર્ષમાં ઉત્પન્ન થયેલી તમામ વસ્તુઓ અને સેવાઓનું કુલ મૂલ્ય જે તે દેશનું કુલ સ્થાનિક ઉત્પાદન કહેવાય છે. આપણને નિકાસ માટે મૂલ્ય પ્રાપ્ત થાય છે અને આયાત માટે આપણે મૂલ્ય ચૂકવવું પડે છે. જેમાં આપણે જોઈ શકીએ છીએ કે ચોખ્ખી આવક ગુણાત્મક હોઈ શકે છે અથવા ઋણાત્મક હોઈ શકે છે અથવા શૂન્ય પણ હોઈ શકે છે. જો આપણે પ્રાપ્ત આવકનો સરવાળો કરીએ તો આપણને જે તે વર્ષ માટે દેશનું કુલ સ્થાનિક ઉત્પાદન પ્રાપ્ત થાય છે.

કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં યોગદાન આપનારા તમામે તમામ ક્રિયાકલાપોને આપણે આર્થિક પ્રવૃત્તિઓ કહીએ છીએ. આર્થિક ક્રિયાઓમાં જોડાનારા તમામ વ્યક્તિ શ્રમિક કહેવાય છે. ભલે તેઓ ઉચ્ચ કે નિમ્ન કોઈપણ સ્તરે કામ કરતા હોય. જો આમાના કેટલાક લોકો બિમાર, ઘાયલ હોવા જેવા શારીરિક કષ્ટ, ખરાબ વાતાવરણ વાર-તહેવાર કે ઉત્સવોને કારણે અસ્થાયી રૂપે કામ ઉપર ન આવી શકે તો પણ તેમને શ્રમિક જ માનવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં જોડાયેલા મુખ્ય શ્રમિકોને સહાય કરનારાને પણ શ્રમિક જ માનવામાં આવે છે. સામાન્ય રીતે આપણે એવું વિચારીએ છીએ કે જેને કામ કરવા બદલ નિયોજક દ્વારા ચૂકવણી કરવામાં આવે છે તેને શ્રમિક કહેવામાં આવે છે. પરંતુ એવું નથી. જે વ્યક્તિ સ્વ-નિયુક્ત હોય છે તે પણ શ્રમિક જ હોય છે.



Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

ભારતમાં રોજગારની પ્રકૃતિ બહુમુખી છે. ઘણાં લોકોને આખું વર્ષ રોજગાર મળી રહે છે, તો કેટલાંક લોકોને આખા વર્ષમાં ગણતરીનાં મહિનામાં જ રોજગાર મળે છે. મોટાભાગનાં મજૂરોને પોતાના કામ પ્રમાણે યોગ્ય મજૂરી મળતી નથી. આમ તો જ્યારે શ્રમિકોની સંખ્યાનું અનુમાન કરીએ છીએ ત્યારે જેટલાં પણ વ્યક્તિ આર્થિક કાર્યોમાં પ્રવૃત્ત હોય છે તે તમામનો સમાવેશ રોજગાર માટે કાર્યમાં જોડાયેલ લોકોની શ્રેણીમાં કરવામાં આવે છે. વર્ષ 2011 – 12 માં ભારતની કુલ શ્રમશક્તિનું કદ લગભગ 4730 લાખ જેટલું આંકવામાં આવ્યું હતું. કારણકે દેશના મોટાભાગનાં લોકો ગ્રામીણક્ષેત્રોમાં વસે છે, તેથી ગ્રામીણ શ્રમશક્તિની ટકાવારી શહેરની શ્રમશક્તિ કરતાં વધુ છે. આ 4730 લાખ શ્રમિકોમાં ત્રણ-ચતુર્થાંશ શ્રમિકો ગ્રામીણ છે.

ભારતમાં શ્રમશક્તિમાં પુરુષોની સંખ્યા વધારે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં સ્ત્રી શ્રમિક કુલ શ્રમશક્તિ ના એક-તૃતીયાંશ જેટલી છે, તો શહેરોમાં માત્ર 20 ટકા સ્ત્રીઓજ શ્રમશક્તિમાં ભાગીદાર થયેલી જોવા મળે છે. સ્ત્રીઓ રસોઈ કરવામાં, પાણી ભરવામાં, ઈંધણાં વીણવાની સાથોસાથ ખેતરમાં પણ કામ કરે છે. તેમને રોકડા (રૂપિયા) અથવા અનાજ રૂપે મજૂરી મળતી નથી. ઘણાં કિસ્સાઓમાં તો કશું જ ચૂકવવામાં આવતું નથી. આથી આ સ્ત્રીઓનો શ્રમિકવર્ગમાં સમાવેશ કરવામાં આવતો નથી. આ સ્ત્રીઓ ને પણ શ્રમિકજ માનવી જોઈએ એવો અર્થશાસ્ત્રીઓનો આગ્રહ છે.

(a) શ્રમિક કોને કહેવાય છે ? *12*

(b) કુલ સ્થાનિક ઉત્પાદન એટલે શું ? *12*


(c) ભારતમાં રોજગારની પ્રકૃતિ કેવી છે ? *12*

(d) કઈ સ્ત્રીઓનો સમાવેશ શ્રમિકમાં કરવામાં આવતો નથી ? *12*

(e) ભારતમાં શ્રમિક જનસંખ્યાની ટકાવારી કેટલી છે ? *12*

**Q3.** **નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ લગભગ એક-તૃતીયાંશ શબ્દોમાં, તમારા શબ્દોમાં કરો. શીર્ષક આપવાની જરૂર નથી.** ***60***

જે શબ્દ સૌને સૌથી ઓછો સમજાય છે અને જેનો સૌથી વધારે ઉપયોગ થાય છે, એવાં બે શબ્દો છે સભ્યતા અને સંસ્કૃતિ. જ્યારે માનવજાતને અગ્નિદેવ પ્રત્યક્ષ ન હતાં થયાં તે સમયની કલ્પના કરો. આજે તો ઘેર ઘેર ચૂલો સળગે છે. જે માણસે પહેલ વહેલાં અગ્નિનો



Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

આવિષ્કાર કર્યો હશે તે કેટલો મહાન શોધકર્તા હશે. અથવા કલ્પના કરો એ સમયની જ્યારે માણસને સોય-દોરાનો પરિચય ન હતો. જે માણસે લોખંડના એક ટૂકડાને સોયનું રૂપ આપ્યું હશે તે પણ કેટલો મહાન શોધકર્તા હશે.

આ બે ઉદાહરણો પર વિચાર કરો, પહેલા ઉદાહરણમાં બે બાબતો છે : એક, કોઈ વ્યક્તિવિશેષની આગનો આવિષ્કાર કરી શકવાની ક્ષમતા અને બીજી, આગનો આવિષ્કાર આજ પ્રમાણે સોય-દોરાનાં બીજા ઉદાહરણમાં એક બાબત છે તે સોય-દોરાનો આવિષ્કાર કરવાની ક્ષમતા અને બીજી બાબત તે સોય-દોરાનો આવિષ્કાર. જે યોગ્યતા, પ્રવૃત્તિ અથવા પ્રેરણાના જોરે આગ તથા સોય-દોરાનો આવિષ્કાર થયો, તે છે વ્યક્તિવિશેષની સંસ્કૃતિ, અને એ સંસ્કૃતિ દ્વારા જે આવિષ્કાર થયો, જે વસ્તુ માણસે એના પોતાને માટે અને અન્ય માટે આવિષ્કૃત કરી, તેનું નામ છે સભ્યતા.

એક સંસ્કૃત વ્યક્તિ કોઈ નવી વસ્તુની શોધ કરે છે; પરંતુ એના સંતાનને એ શોધ પોતાના પૂર્વજ પાસેથી અનાયાસે જ પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિની બુદ્ધિને અથવા તેના વિવેકને કોઈપણ નવા તથ્યનું દર્શન થયું છે, તે વ્યક્તિ જ ખરો સંસ્કૃત વ્યક્તિ છે. અને એનાં સંતાન જેને પોતાના પૂર્વજ પાસેથી જ એ વસ્તુ કોઈપણ પ્રયાસ વગર અનાયાસ પ્રાપ્ત થઈ ગઈ છે તે પોતાના પૂર્વજની માફક ભલે સભ્ય બને, પણ એ સંસ્કૃત નથી કહેવાતો. એક આધુનિક ઉદાહરણ લઈએ. ન્યૂટને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો આવિષ્કાર કર્યો. એ સંસ્કૃત માનવ હતો. આજના યુગનો ભૌતિક વિજ્ઞાનનો વિદ્યાર્થી ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમથી પરિચિત તો છે જ, પરંતુ તેની સાથે સાથે એને બીજી અનેક બાબતોનું જ્ઞાન પ્રાપ્ય છે જેનાથી કદાચ ન્યૂટન અપરિચિત જ રહ્યો હોય. આમ થવાં છતાં આપણે આજના ભૌતિક વિજ્ઞાનનાં વિદ્યાર્થીને ન્યૂટનના મુકાબલે ભલે વધારે સભ્ય કહીએ, પણ ન્યૂટન જેટલો સંસ્કૃત ના કહી શકીએ.

અગ્નિના આવિષ્કાર માટે કદાચ ભૂખ પ્રેરણારૂપે રહી. સોય-દોરાની શોધમાં ટાઢ અને તડકાથી બચવા તેમજ શરીરને શણગારવાની પ્રવૃત્તિ નો વિશેષ હેતુ રહ્યો. હવે કલ્પના કરો કે જે માણસ નું પેટ ભરાયેલું હોય, જેનું શરીર ઢંકાયેલું હોય; પણ જ્યારે એ માણસ વિશાળ આકાશ નીચે સૂતાં-સૂતાં રાત્રે ઝગમગતા તારાને જુએ છે, તો એને માત્ર એક જ કારણથી ઊંઘ નથી આવતી કે તે માત્ર એટલું જ જાણવા માટે વ્યગ્ર છે કે આખરે આ મોતીભર્યો થાળ છે શું ? પેટ ભરવાની અને શરીર ઢાંકવાની ઈચ્છા માનવ સંસ્કૃતિની જનેતા નથી. ભરેલું પેટ

Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

અને ઢાંકેલું શરીર હોવાં છતાં જે માણસ સંસ્કૃત છે તે નવરો બેસી શકતો નથી. આપણી સભ્યતાનો એક મોટો ભાગ આપણને એવા સંસ્કૃત માણસો પાસેથી મળેલ છે, જેની ચેતના પર સ્થૂળ ભૌતિક કારણોનો પ્રભાવ મુખ્ય રહ્યો છે, પરંતુ એનો થોડોક અંશ આપણને એ મનીષીઓ દ્વારા પણ મળ્યો છે. જેમણે તથ્ય-વિશેષને કોઈ ભૌતિક પ્રેરણાને વશવર્તીને નહિ પરંતુ એમની પોતાની ભીતરની સહજ સંસ્કૃતિને કારણે પ્રાપ્ત કરેલ છે. રાત્રે તારાને જોઈને ન સૂઈ શકનારા મનીષી આપણાં આજના જ્ઞાનનાં પ્રથમ પુરસ્કર્તા હતા.

*(456 શબ્દો)*

**Q4. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો : 20**

સમય કિંમતી છે. વાસ્તવમાં સમય જ સંસારની એક માત્ર એવી વસ્તુ છે જે મર્યાદિત છે. જો તમે સંપત્તિ ગુમાવી દો છો, તો એને ફરીવાર કમાઈ શકો છો. ઘર ગુમાવી દો છો તો ફરી મેળવી શકો છો. પરંતુ જો સમય ગુમાવી દો છો તો એ સમય ફરી કદી પાછો મળતો નથી.

જો આપણે જીવનમાં કશુંક કરવા, કંઈક બનવા, કંઈક મેળવવા ઈચ્છતા હોઈએ તો આપણે માટે સમયનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરતાં શીખી લેવું એ અનિવાર્ય છે. સમયનો સદુપયોગ કરીને આપણે બધું જ પ્રાપ્ત કરી શકીએ છીએ, જે આપણે પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ.

કહેવાય છે કે "સમય જ સંપત્તિ છે". પણ આ કહેવત પૂરેપૂરી સાચી નથી. ખરું તો એ છે કે સમય માત્ર સંભવિત સંપત્તિ છે. જો તમે તમારા સમયનો સદુપયોગ કરો છો તો જ તમે સંપત્તિ કમાઈ શકો છો. બીજી બાજુ, જો તમે પોતાના સમયનો દુરુપયોગ કરો છો તો તમે સંપત્તિ કમાવાની શક્યતા ગુમાવી દો છો. જ્યારે તમે સમયના ઉપયોગની બાબતે સાવધ બની જશો તો સમયને વેડફવાનું છોડી દેશો. તમે તમારા સમયનો સારામાં સારો ઉપયોગ કરવાની પદ્ધતિઓ શોધવા માંડશો. તમે ઓછા સમયમાં વધારે કામ કરવાના ઉપાય શોધવાં માંડશો. જો તમે ખરેખર જ સમયનું આયોજન કરવા ઈચ્છો છો તો માત્ર ચેતન મનનો જ નહિ પરંતુ અવચેતન મનનો પણ ઉપયોગ કરવો પડશે. એ જ તમને એવા નવા નવા ઉપાયો સુઝાડશે કે જેને કારણે તમે ઓછા સમયમાં વધારે કામ કરવાના ઉપાય શોધવામાં સફળ થશો.

Download FREE UPSC E-BOOKS
FREE!
CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

**Q5.** નિમ્નલિખિત ગદ્યાંશનો ગુજરાતીમાં અનુવાદ કરો : *20*

We cannot deny the importance of games in life as games make a person sound in body and mind. Society expects of a person to fulfil all his duties, for which it is important for him to keep healthy. He may be very intelligent, but his intelligence is of no use if he is not healthy. In some ways, the human body is like a machine. If it is not made use of, it starts to work badly. People who are not fit grow weak; they become more prone to disease. Any form of game is useful, if it gives the body an opportunity to take regular physical exercise. Playing encourages the spirit of sportsmanship. It enables one to deal with life's problems in a wise and natural manner. The important thing in playing is not the winning or the losing, but the participation. We have to remember some other things about playing games. First, it is the physical exercise that is important for health, not the games themselves, and there are other ways of getting this. Is not India the home of yoga ? When we think of the phrase — a healthy mind in a healthy body — we should not forget that it is the mind which is mentioned first. And if we let games become the most important thing in our lives, then we undermine the importance of the mind.

**Q6.** (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો. *2×5=10*

(i) આજની ઘડી અને કાલનો દહાડો *2*

(ii) ઊભે પગે રહેવું *2*

(iii) ઈડરિયો ગઢ જીતવો *2*

(iv) ઓડનું ચોડ કરવું *2*

(v) ચામડાની જીભ હોવી *2*

(b) શબ્દસમૂહ માટે એક શબ્દપ્રયોજો. *1×5=5*


(i) પાપના નિવારણ માટેનું તપ *1*

(ii) હદ્ બહારનો આચાર *1*

(iii) કાવો-અફીણનું પીણું *1*

(iv) આરંભ અને મંગળવાચક શબ્દ *1*

(v) પગથી ચાલી શકાય તેવો સાંકડોરસ્તો *1*



Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. *1×5=5*

(i) સદ્ *1*

(ii) તવંગર *1*

(iii) કાયમી *1*

(iv) સદ્ભાવ *1*

(v) ઉષ્ણ *1*

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. *1×5=5*

(i) અભીભુત *1*

(ii) આર્વીભાવ *1*

(iii) સુવીહિત *1*

(iv) અનુહીત *1*

(v) યુનીવર્સીટી *1*

(e) નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો. *1×5=5*

(i) ઉદધિ *1*

(ii) શશિ *1*

(iii) નીલકંઠ *1*

(iv) ઋચા *1*

(v) તિમિર *1*

(f) નીચેની કહેવતોનો અર્થ આપો. *2×5=10*

(i) ઘેર ઘેર માટીના ચૂલા *2*

(ii) જેવી દાનત તેવી બરકત *2*

(iii) ડુંગરા દૂરથી રળિયામણા *2*

(iv) પ્રભુ પારધા તો વેરી આંધળા *2*

(v) ભાંગ્યુ ભાંગ્યુ તોય ભરૂચ *2*

Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

Download FREE UPSC E-BOOKS
FREE!
CLICK HERE